C.C.NO.184643/2024

**આંક–૧ ની ફરીયાદ લગત હુકમ**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. હાલની ખાનગી ફરીયાદ પોલીસ ધ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ: ૨૧૦(એ) (ક્રિમી.પ્રોસી. કોડની કલમ: ૧૯૦(૧)(એ)) અન્વયે દાખલ કરેલ છે. જે ખાનગી ફરીયાદ રજીસ્ટરે લઇ અત્રેની અદાલત ધ્વારા આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ છે, પરંતુ, ફરીયાદ ની વિગતો ધ્યાનપુર્વક વંચાણે લેતા, તેમા સામાવાળા/આરોપી નુ બજવણી લાયક કોઇ સરનામુ દર્શાવવામા આવેલ નથી અને જેના કારણે આરોપી ઉપર સમન્સ ની બજવણી શકય બની શકે તેમ નથી. વધુમાં, હાલની ફરીયાદ કોર્ટમા રજુ થયા બાદ પણ પોલીસ ધ્વારા ફરીયાદમા સુધારો કરી આરોપીનુ સરનામુ દાખલ કરવા કોઇ લેખિત અરજી આપી, આરોપીનું સરનામુ ફરીયાદમા દાખલ કરવા કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આમ, હાલની ફરીયાદના કામે પોલીસ ધ્વારા તેમની ફરીયાદમાં આરોપીનુ બજવણી લાયક કોઇ સરનામુ જણાવવામા આવેલ નહી હોવાથી, આરોપીના બજવણી લાયક સરનામાની ગેરહાજરીમા આરોપી ઉપર સમન્સ ની બજવણી થઇ શકે તેમ નથી. જેથી હાલના કામે આરોપીના બજવણી લાયક સરનામાની ગેરહાજરીમા આરોપીની હાજરી સુનિશ્ચત કરી આગળની ન્યાયીક કાર્યવાહી કરી શકાય તેમ ન હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ: ૨૨૬ (ક્રિમી. પ્રોસી. કોડ,૧૯૭૩ ની કલમ: ૨૦૩) મુજબ હાલનો કેસ રદ કરી ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪/૧૨/૨૦૨૪

(ડી. એચ. ખંભાતી)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬,અમદાવાદ.
જી.જે.૦૦૮૬૬